ગાંધીનગર સમાચાર

ચુંટણી ફરજોમાં હોમગાર્ડસને ચુકવાયેલા નજીવા વેતનથી અસંતોષ

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે ટાઉનહોલ, સે-૧૭ખાતે દિગ્દર્શિત સિદ્ધાર્થ રાંદેરિયાની ગુજ્જુભાઈ બન્યા દબંગ! નાટક પ્રસ્તુત કરાશે.

● સે-૨-બી ચંદ્ર મૌલેશ્વર મહાદેવ ખાતે બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન ચાલી રહેલ શ્રીમદ્ ભાગવત કથા યજ્ઞમાં રૂક્ષ્મણિ વિવાહને આવરી લેવાશે.

● સે-૨૨, કલ્પના અને રચના સોસાયટીના બગીચા ખાતે બપોરે ૩.૦૦ કલાકે મુકુંદભાઈ મહારાજની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સત્સંગ પારાયણ યોજાશે.

● સે-૧૪, મહાત્મા મંદિર ખાતે તા. ૧ થી ૩ ડિસેમ્બર સુધી ત્રિદિવસીય 'એન્વાયર ઓ ટેક એશિયા'નો એકઝીબીશન અને કોન્ફરન્સનો પ્રોગ્રામ યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

# કોબા પાસે કરૂણ અકસ્માતમાં યવાનનું મોત

**અમદાવાદ સંબંધીને ત્યાં લગ્નમાં હાજરી આપી બપોરે ટીસીએસ પહોંચવા એકટીવા પર યુવાન સ્પીડમાં કોબા-ગાંધીનગર માર્ગ પર આવી રહ્યો હતો : રાયસણ સામે એકટીવા ધડાકાભેર ઝાડ સાથે ઘુસી જતા યુવાનનું સ્થળ પર મોત**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સ્થિત ટીસીએસ ખાતે નોકરી કરતો ૨૪ વર્ષીય યુવાન આજે સંબંધીને ત્યાં અમદાવાદ લગ્નમાં હાજરી આપી બપોરે એકટીવા પર કોબા-ગાંધીનગર માર્ગ પર પરત ફરી રહ્યો હતો. ઓફીસનો સમય થઈ ગયો હોવાથી સ્પીડમાં આવી રહેલા યુવાને એકટીવા પરથી કાબુ ગુમાવ્યો અને રાયસણ પેટ્રોલ પંપ સામે એક ઝાડ સાથે ધડાકાભેર તેનું એકટીવા ટકરાઈ ગયું હતું. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ તેનું મોત નિપજયું હતું. ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી યુવકનો મૃતદેહ પીએમ માટે મોકલી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સરગાસણ સ્વાગત એફોર્ટ ખાતે રહેતો અને ટીસીએસ કંપનીના ગરીમા પાર્ક ખાતે નોકરી કરતો ૨૪ વર્ષીય યુવાન પ્રાંજલ સુનિલકુમાર જટાલી તેના સંબંધીને ત્યાં અમદાવાદ લગ્નપ્રસંગે ગયો હતો પ્રાંજલના માતા પિતા પણ પોતાના વતન ઈન્દોરથી લગ્નપ્રસંગે આવ્યા હતા. આજે માતાપિતાને ઈન્દોર જતી ટ્રેઈનમાં બેસાડીને પ્રાંજલ એકટીવા પર પરત ગાંધીનગર આવી રહ્યો હતો. પ્રાંજલને ઓફીસે બપોરે ત્રણ વાગે પહોંચવાનું હતું પરંતુ ત્રણ તો ઈન્દીરાબ્રીજ પહોંચ્યો ત્યારે જ વાગી ગયા હતાં. જેને લીધે સમયસર ઓફીસ પહોંચવા પ્રાંજલે એકટીવાની સ્પીડ વધારી દીધી હતી. કોબાથી થોડો આગળ પહોંચ્યો ત્યારે રાસયણ પેટ્રોલપંપ સામેના માર્ગ પર અચાનક કાબુ ગુમાવી બેસતા પ્રાંજલ એકટીવા સાથે ઝાડ સાથે ટકરાઈ ગયો હતો. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા પ્રાંજલનું બનાવ સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ટીસીએસ સ્ટાફ તથા મિત્ર વર્તુળ સ્થળ પર આવી પહોંચ્યા હતા અને પરિવારને કેવી રીતે દુઃખદ ઘટનાની જાણ કરવી તેની ભયંકર અસમંજસમાં હતા. આખરે હૃદય પર પથ્થર મુકીને પરીવારને આશાસ્પદ દિકરાના મૃત્યુના સમાચાર આપ્યા હતાં. ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાતવાતમાં

● દિવાળી વેકેશન પછી શાળાઓમાં પ્રારંભ થયેલા બીજા સત્રના પ્રથમ દિવસે જ આખર તારીખ હોવાથી શાળાઓ અડધો દિવસ જ ચાલી હતી. જો કે રજાઓ પછી શાળાએ જવાનો અણગમો અનુભવી રહેલા બાળકોએ તો પૂરી રજા જ રાખતા વર્ગોમાં વિદ્યાર્થીઓની હાજરી પાંખી જણાઈ હતી.

● પથિકાશ્રમ એસ.ટી. ડેપો નજીક ફુટપાથ પરથી પોતાના બારેક વર્ષના પુત્ર સાથે પસાર થઈ રહેલા દંપતિમાંથી મહિલાને અચાનક ચક્કર ચઢયા હતા. બ્લડપ્રેશર લો થઈ જવાને કારણે આવેલા ચક્કર હોઈ પતિ તેના માટે લીંબુ શરબતની વ્યવસ્થા કરવા ગયો ત્યાં સુધી ફુટપાથ પર જ સૂઈ ગયેલી માની ચોકીદારી પુત્રએ કરી હતી.

● શહેરના સરગાસણ ચાર રસ્તા સહિત કુડાસણ વિસ્તારમાં ગટર વ્યવસ્થા માટે નાંખવાની મોટી પાઈપો ઘણા સમયથી ખડકી દેવાઈ છે. જો કે ઘણા સમયથી આ પાઈપો ખડકાઈ હોવા છતાં ગટરનું કામ ચાલુ થયું ના હોવાથી આ વિસ્તારના રહીશોમાં નારાજગી જોવા મળી રહી છે.

● જિલ્લા પંચાયતની ચુંટણીમાં મતદાન ઉત્સાહપૂર્વક થતા નગરના ચુંટણી રસિકોમાં પરિણામો અંગે ભારે ઉત્સુકતા વ્યાપી છે. કેટલાકના મતે પાટીદારો કોંગ્રેસ તરફી રહ્યા છે તો સામે પક્ષે ઓબીસી મતદારોનો ઝોક ભાજપ તરફી રહ્યો હોવાથી અકલ્પનીય પરિણામ જોવા મળશે.

● શહેરમાં ઠંડીનો ચમકારો અનુભવાતા જ ઠેર ઠેર નગરજનો દ્વારા તાપણાં ચાલુ કરી દેવાયા છે. આ ઉપરાંત અનેક જગ્યાએ ઉભી રહેતી ઈંડા-ખીમાની લારીઓ પર યુવાનોની ભીડ વધી ગયેલી જોવા મળી રહી છે.

**- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫**

# ચુંટણી ફરજોમાં હોમગાર્ડસને ચુકવાયેલા નજીવા વેતનથી અસંતોષ

**અન્ય કર્મચારીઓને ચુકવાયેલા રૂ. ૪૫૦ થી રૂ. ૧૭૫૦ના વેતન સામે આખો દિવસ ખડે પગે સેવાઓ આપનાર હોમગાર્ડસના જવાનોને માત્ર રૂ. ૧૦૦નું મહેનતાણું**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં યોજાયેલા સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં કાર્યરત કર્મચારીઓને આપવામાં આવેલા વેતનમાં અસમાનતા ઉડીને આંખે વળગે તેવી હતી. ખાસ કરીને પોલીસની સમકક્ષ ફરજ બજાવતા હોમગાર્ડસને સૌથી ઓછું મહેનતાણું અપાયું હતું જેના કારણે નારાજગીનો સૂર જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચુંટણી યોજાઈ હતી. જેમાં મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કરી લોકશાહીના ચૂંટણી પર્વને ઉજવ્યું હતું. આ ચુંટણી પર્વને સફળ બનાવવા માટે ચુંટણી પંચ દ્વારા મતદાન કાર્યવાહીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના શિક્ષકો તથા સેવકોને વિવિધ કામો માટે ફરજો સોંપવામાં આવી હતી. આ ઉપરાંત ચુંટણી દરમિયાન કોઈ અનીચ્છનીય બનાવ ના બને તેની તકેદારી માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો. આ બંદોબસ્તમાં પોલીસ સાથે હોમગાર્ડસના જવાનોએ ખભેખભા મિલાવી પોતાની ફરજો નિભાવી હતી. આમ છતાં તેમને ચુકવાયેલા વેતનમાં ચુંટણી ફરજ પરના અન્ય કર્મચારીઓ કરતા ખુબ ઓછું વેતન ચુકવાયું હોવાનું જણાતા જવાનોમાં નારાજગીનું વલણ જોવા મળી રહ્યું છે.

ચુંટણી કાર્યની ફરજોમાં પ્રિસાઈડીંગ ઓફિસરની ફરજ બજાવનાર કર્મચારીને રૂ.૧૭૫૦ થતા શિક્ષકોને રૂ. ૧૨૦૦, સેવકોને રૂ. ૪૫૦ મુજબ મહેનતાણું ચુકવાયું છે જયારે મતદાન મથકની સુરક્ષામાં તૈનાત હોમગાર્ડસના જવાનોને દિવસના માત્ર રૂ.૧૦૦નું વેતન ચુકવાયું છે. આખા દિવસ દરમિયાન બહાર ખુલ્લામાં ખડે પગે ફરજ બજાવતા આ જવાનોને અનેકવાર મતદાતાઓ સાથે નાની મોટી ચડભડમાં પણ ઉતરવું પડયું હતું. આખા દિવસનો માનસિક-શારિરીક શ્રમ આપી ફરજ નિભાવવા છતાં આ જવાનોને તદ્દન અમાનવીય કહેવાય તેવું માત્ર રૂ.૧૦૦નું વેતન ભથ્થું ચુકવાય તે ખરેખર દયાજનક બાબત છે. વિવિધ કર્મચારીઓ વચ્ચે ફરજ મુજબ વેતનમાં અસમાનતા હોય તે સ્વાભાવિક છે પરંતુ આટલી મોટી અસમાનતા કર્મચારીને નિરાશા તરફ દોરી જાય છે જેની અસર ફરજ ઉપર પણ પડતી હોય છે.



શિયાળાની મૌસમની શરૂઆત ભલે ધીમે ધીમે થઈ રહી છે. પરંતુ આ જ સીઝનમાં બોરનું આગમન થઈ ગયું છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## અન્ડર-૧૯ ની વન ડે ક્રિકેટ મેચમાં હિરામણી સ્કૂલનો વિજય

અમદાવાદ સી.એન. વિદ્યાલયના ગ્રાઉન્ડ ઉપર અન્ડર-૧૯ની વન ડે ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિરામણી સ્કૂલનો અંકુર સ્કુલ સામે ૨૭૫ રનથી ભવ્ય વિજય થયો હતો. આ ક્રિકેટ મેચમાં ગૌરવે-૭૧, વિદિતે-૪૭, કુશે-૪૫, ધાર્મિકે-૩૭ તથા ક્ષિતિજે-૩૯ રન કરી સ્કુલને જીત અપાવી હતી. હિરામણી સ્કૂલના ક્રિકેટ ટીમના કોચ સનત જાનીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને તૈયાર કરાયા હતા.

## સિનિયર સિટીઝન રમતોત્સવ તથા હિલશીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

તાજેતરમાં સરકાર દ્વારા જિલ્લા કક્ષાના રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ રમતોત્સવમાં હિલશીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટ તેમજ સિનીયર સીટીઝન રમતોત્સવ યોજાશે. આ રમતગમત અંતર્ગત હિલશીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા ૧૯ વર્ષથી ઓછી વયના ગાંધીનગર શહેરના તથા ગ્રામ્ય વિસ્તારના ખેલાડીઓ આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે. આ સાથે સિનીયર સિટીઝન રમતોત્સવનું પણ આયોજન કરાયું છે. જેમાં એથ્લેટીકસ, વોલીબોલ, રસ્સાખેંચ, યોગાસન, ચેસ, કેરમ, ક્રિકેટ સહિતની રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રમતોમાં ૬૦ વર્ષથી ઉપરના ખેલાડીઓ ભાગ લઈ શકશે.

હિલશીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટ અને સિનીયર સીટીઝન રમતોત્સવમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ પોતાની વિગતો જિલ્લા રમતગમત અધિકારીની કચેરી બલોક નં. ૧૯૦/૨, જી-૧ ટાઈપ, સે-૩૦ તથા લાભુભાઈ દેસાઈ શેઠ સી.એમ. હાઈસ્કુલ, સે-૨૩ ખાતે તા. ૫ ડિસેમ્બર સુધીમાં મોકલવાની રહેશે.



**બુદ્ધિના બાલ** - બાળકોની સૌથી વધુ ગમતા બુદ્ધિના બાલ આજકાલ ગાંધીનગર-અમદાવાદની ગલીઓમાં નજરે પડે છે... ઘંટડી વગાડી બાળકોને આકર્ષિત કરવાની અનોખી શૈલી ધરાવતા વેચાણકારો હજુ પણ ખાંડની ચાસણીમાંથી બનતી સસ્તામાં સસ્તી આઈટમ વેચે છે અને હોંશે હોંશે બાળકો ખરીદીને ખાય પણ છે.... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# આખરે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવનિર્મિત પ્રવેશદ્વારને ખુલ્લો મુકાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં નવિન બિલ્ડીંગની સાથે જાહેરજનતા ના ઉપયોગ માટે તંત્ર દ્વારા ગેટ પણ તૈયાર કરવામાં આવ્યો છે. પરંતુ મહિનાઓથી ઉદ્‌ઘાટનની રાહ જોતો ગેટ લોકઉપયોગ માટે અચાનક ખુલ જા સીમ સીમ ની જેમ ખુલી ગયો છે. ત્યારે સિવિલમાં આવતા મુલાકાતીઓને પણ ખુલ્લો ગેટ જોઈને નવાઈ લાગે છે. આગામી સમયમાં જોવું રહ્યું કે અચાનક ખુલેલો ગેટા કાયમી ખુલ્લો રહેશે કે થોડા દિવસમાં બંધ થઈ જશે. અત્યારે હાલ તો દર્દી તેમજ મુલાકાતીઓ આ ગેટમાંથી પસાર થઈને આનંદની લાગણી અનુભવી રહ્યાં છે.

ગાંધીનગર સિવલ હોસ્પિટલમાં પહેલા એક જ ગેટમાંથી આવન જાવન જાહેર જનતા કરતી હતી. પરંતુ મેડીકલ કોલેજ બનતા કેમ્પસમાં અનેક ફેરફાર કરવામાં આવ્યા છે. પહેલા





સિવિલમાં ૧૫૦ બેડની સુવિધા હતી. જયારે અત્યારે હાલ ૬૫૦ બેડની બનતા દર્દીઓની સંખ્યા વિશેષ જોવા મળે છે. જિલ્લાવાસીઓ માટે નવિન મેડીકલ કોલેજ આશિર્વાદરુપ બની છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી માળખાગત સુવિધામાં વધારો થવા પામ્યો છે. કેમ્પસમાં નવિન બિલ્ડીંગ નિર્માણની સાથે સાથે એક ગેટ પણ નવો તૈયાર કરવામાં આવ્યો હતો. ગેટ બનવા છતા મહિનાઓથી બંધ હાલતમાં હતો. આ ગેટ લોકઉપયોગ માટે કયારે ખુલ્લો મુકવામાં આવશે તેની ચર્ચા સિવિલ સ્ટાફ તેમજ મુલાકાતીઓમાં ચર્ચા ચાલતી હતી. પરંતુ આ ગેટ અંગે હોસ્પિટલના તંત્રમા ચહલપહલ છેલ્લા ત્રણ દિવસથી વધી ગઈ હતી. અને આખરે ગેટ અચાનક ખુલજા સીમ સીમ ની જેમ ખુલી ગયો છે. શહેરમાં રાષ્ટ્રપતિના આગમનને કારણે ગેટ તંત્ર દ્વારા ખુલ્લો રાખવામાં આવ્યો છે. આગામી બે દિવસ ખુલ્લો રહેશે ત્યારબાદ ફરી તાળાબંધીમાં ગેટ ફેરવાઈ જશે. તેવું સિવિલમાં આવેલા મુલાકાતીઓમાં ચર્ચાતું હતું. અત્યારે હાલ તો ગેટ ખુલતા દર્દી તેમજ બહારગામથી આવતા સગાસ્નેહીજનોને પણ સરળતા રહે છે. આ ગેટ કાયમી ખુલ્લો રહે તેવું ઈચ્છી રહ્યા છે. પરંતુ આગામી સમયમાં જોવું રહ્યું કે ગેટ જાહેર જનતા માટે ખુલ્લો રહેશે કે પછી બંધ થઈ જશે. તે આગામી સમય જ બતાવશે.

# પાટનગરના પાદરે ભવાઈ યોજાઈ

**સે-૧૫માં ફતેપુરા ગામમાં ભવાઈવેશનો બે દિવસીય કાર્યક્રમ યોજાયો : દર વર્ષે દિવાળી પછીના દિવસોમાં નાટય કલાકારો દ્વારા પરંપરાગત રીતે ભવાઈ યોજાય છે : ભવાઈમાં મહાકાળી-ખોડીયાર માતાના ગરબા ઉપરાંત વીર માંગડાવાળાનો વેશ અને નશાબંધી અંગે જાગૃતિ વિષયક કૃતિ રજૂ કરાઈ**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેકટર-૧૫માં આવેલા ફતેપુરા ગામે મુખ્ય ચોકમાં તા. ૨૬ તથા ૨૭મી નવેમ્બરે પરંપરાગત ભવાઈ વેશનું આયોજન કરાયુંહતું. દર વર્ષે દિવાળીના ઉત્સવ બાદ યોજાતા આ ભવાઈ વેશના કાર્યક્રમને ગામના અબાલવૃધ્ધ સૌએ મનભરીને માણ્યો હતો.

ભવાઈ કળા એ ગુજરાતી સંસ્કૃતિની વિસરાતી જતી અમૂલ્ય વિરાસત સમાન છે જે 'નાયક' જ્ઞાતિના કલાકારો દ્વારા ભજવવામાં આવે છે. ખૂબ જ ભવ્ય ઈતિહાસ ધરાવતી આ કળા આધુનિક યુગમાં લુપ્ત થવાના આરે હોવા છતાં હજુ પણ કેટલાક કલાકારો દ્વારા તેને જીવંત રાખવા વિશેષ પ્રયત્નો કરાઈ રહ્યાં છે. કલાકારોના આ પ્રયત્નમાં મોટે ભાગે ગ્રામ્ય વિસ્તારના દર્શકોનો સહકાર પ્રાપ્ત થાય છે. કારણ કે ગ્રામ્ય સંસ્કૃતિમાં હજુ પણ ભવાઈનું આકર્ષણ જળવાયેલું રહ્યું છે. ગાંધીનગરના સે-૧૫માં સમાવિષ્ટ ફતેપુરા ગામે યોજાયેલી બે દિવસની ભવાઈમાં નાયક કલાકારોએ મહાકાળી માતાજીનો ગરબો-વાર્તા, ખોડીયાર માતાજીનો ગરબો, વીર માંગડાવાળો જેવી





લોકસંસ્કૃતિની કૃતિઓ પ્રસ્તુત કરી હતી. એટલું જ નહીં આ કલાકારોએ તેમના બે દિવસના કાર્યક્રમ દરમિયાન લોકકૃતિઓ ઉપરાંત નશાબંધી અંગે જાગૃતિ આણતી કૃતિ પ્રસ્તુત કરી ગ્રામજનોમાં નશાખોરીના દૂષણમાંથી મુક્ત થવા પ્રેરિત કરવા પ્રયત્ન કર્યો હતો. ભવાઈના વેશમાં રંગલો અને રંગલીના બે પાત્રોનું મુખ્ય આકર્ષણ હોય છે. જેઓ સમગ્ર વાર્તાના સુત્રધાર બની વ્યંગાત્મક હાસ્યરસ સાથે કાવ્યાત્મક અને તળપદી શૈલીમાં સમગ્ર કૃતિ રજૂ કરે છે. રંગલા-રંગલીના તા..થૈયા..થૈયા..તા..થૈ... સાંભળવા તમામ નાના મોટા પ્રેક્ષકો સૌ કોઈ તલપાપડ બની જતા હોય છે. ફતેપુરા ગામના મુખ્યચોકમાં યોજાયેલ ભવાઈ કાર્યક્રમમાં આ પ્રકારના દશ્યો જોવા મળ્યાં હતા. વળી, આ નાયક કલાકારો માટે ગામમાં નવા જન્મેલા બાળકોના દિર્ઘાયુ માટે હાલરડાં પણ ગાવાનો રિવાજ વર્ષોની પરંપરાથી ચાલ્યો આવે છે. આ વર્ષે પણ કલાકારોએ ગત વર્ષ દરમિયાન ગામમાં નવા જન્મેલા બાળકો માટે હાલરડાં ગાઈ ગામની માતા-બહેનને ભાવવિભોર કરી દીધી હતી.

નાયક કલાકારો દ્વારા દર વર્ષે દિવાળી પછીના દિવસોમાં આસપાસના અનેક ગામોમાં આ પ્રકારે ભવાઈનું આયોજન કરવામાં આવે છે જેમાં ગ્રામજનોનો પૂરતો સહકાર પ્રાપ્ત થાય છે. જે દિવસો ભવાઈ યોજાવાની હોય તેના અગાઉના દિવસોમાં ગામમાં આ કાર્યક્રમ અંગે જાહેરાત કરી દેવાય છે. આ વેશ માટે કલાકારોને અગાઉથી કોઈ નિયત મહેનતાણું અપાતું નથી પરંતુ વેશ પત્યા બાદ ગ્રામજનો દ્વારા દરેકની શકિત મુજબની બક્ષીસ ઉઘરાવી તેમને આપવામાં આવે છે. ગામના વડીલ જાણકારોના જણાવ્યા મુજબ જયારથી ગામનો પાયો નંખાયો ત્યારથી દિવાળી પછી નૂતનવર્ષમાં ભવાઈ વેશ ભજવવાની પ્રથા થાલી આવે છે. જે આજ દિન સુધી જળવાયેલી છે. આ ભવાઈ જોવા માટે ગાંધીનગર શહેરના ઘણા રસિકો પણ ખાસ આવે છે!

## સિધ્ધાર્થ લો કોલેજ ખાતે બંધારણ દિવસ ઉજવાયો

ચિલ્ડ્રન યુનિવર્સિટી અને સિધ્ધાર્થ લૉ કોલેજના સંયુકત ઉપક્રમે ગત તા. ૨૬ નવેમ્બરના રોજ 'બંધારણ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. સિધ્ધર્થ લૉ કોલેજના આચાર્ય ડૉ. દિલીપ મેવાડા દ્વારા 'બંધારણ અને બાળકોના અધિકાર' વિષય ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ચિલ્ડ્રન યુનિ.ના વાઈસ ચાન્સેલર દિવ્યાંશુભાઈ દવેના માર્ગદર્શન હેઠળ કરાયું હતું. ભવ્ય ઉજવણી દરમિયાન યુનિવર્સિટીના કેમ્પસમાં પ્રાધ્યાપકો તથા સ્ટાફગણ ઉપસ્થિત રહ્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. ભરવાડ સાંડાભાઈ ચોથાભાઈ, ઉ.વ.૬૫
- સ્વ. વજલાલ જગજીવનદાસ પાટડીયા, ઉ.વ.૬૪
- સ્વ. ઝાલા બાબુસિંહ ભઈજીસિંહ, ઉ.વ.૫૦
- સ્વ. મહાદેવભાઈ મેમાભાઈ રબારી, ઉ.વ.૬૫
- સ્વ. મંગાજી ઉમેદજી વાઘેલા, ઉ.વ.૬૦

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515